# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ગરમાવો : સત્તાધારી પક્ષના વાંધા ફગાવ્યા

## નડિયાદ મનપામાં કોંગ્રેસના તમામ 50 ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યાં

**ચૂંટણી અધિકારીએ** વિડીયોગ્રાફી અને દસ્તાવેજોની ચકાસણી બાદ નિર્ણય લીધો



(પ્રતિનિધિ) નડિયાદ તા.13

નડિયાદ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મની ચકાસણી દરમિયાન ભારે રાજકીય ડ્રામા અને હોબાળો જોવા મળ્યો હતો. સત્તાધારી પક્ષ દ્વારા કોંગ્રેસના 20 જેટલા ઉમેદવારોના ફોર્મ સામે ટેકેદારો દ્વારા વાંધા રજૂ કરાવવામાં આવ્યા હતા. જોકે, ચૂંટણી અધિકારીએ ઝીણવટભરી તપાસ અને વિડીયોગ્રાફીના પુરાવાઓ ચકાસ્યા બાદ આ તમામ વાંધા અરજીઓને પાયાવિહોણી ગણી ફગાવી દીધી છે, જેના પગલે કોંગ્રેસના તમામ 50 ઉમેદવારોના ફોર્મ હવે માન્ય ઠર્યા છે.

નડિયાદ મહાનગરપાલિકાના વોર્ડ નંબર 10ના કોંગ્રેસના ઉમેદવાર અલ્પાબેન લખમાણીના ટેકેદારો અને અન્ય ઉમેદવારોના દરખાસ્તદારો પર દબાણ લાવવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે કર્યા છે. તેમના જણાવ્યા મુજબ, ગતરાત્રે ટેકેદારોને ઉઠાવી જઈ કલેક્ટર કચેરી ખાતે વાંધા અરજીઓ અપાવવામાં આવી હતી. કોંગ્રેસે રજૂઆત કરી હતી કે, ફોર્મ ભરતી વખતે અધિકારીઓની હાજરીમાં વિડીયોગ્રાફી થાય છે અને ત્યારે જ તમામ સહીઓ લેવામાં આવે છે. આ દસ્તાવેજી પુરાવાઓને આધારે ચૂંટણી અધિકારીએ સામા પક્ષની અરજીઓમાં કોઈ તથ્ય ન જણાતા તેને રદ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગળતેશ્વર તાલુકા પંચાયતની બેઠકના કોંગ્રેસના ઉમેદવારના પતિને પ્રચાર કરવા બદલ હાથ-પગ તોડી કેનાલમાં ફેંકી દેવાની ધમકી મળતા હોબાળો થયો હતો.

### વિકાસના બદલે ડરાવવાનું રાજકારણ

આ અંગે કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે, 30 વર્ષથી સત્તામાં બેઠેલા લોકો વિકાસના કામો બતાવવાને બદલે ઉમેદવારોને ધાકધમકી આપી રહ્યા છે. હજુ પણ 4થી 5 ઉમેદવારો અને તેમના પરિવારોને સતત ધમકીઓ મળી રહી હોવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે ચૂંટણી લડવાની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરવાને બદલે નિર્ણય પ્રજા પર છોડવો જોઈએ.

કઠલાલ પાલિકાની ચૂંટણી પૂર્વે આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો

## કઠલાલ ભાજપમાં મોટું ગાબડું 6 હોદ્દેદારો સપામાં જોડાયા

**પદાધિકારીઓના** સામૂહિક રાજીનામાને પગલે દોડધામ



(પ્રતિનિધિ) નડિયાદ તા.13

કઠલાલ પાલિકાની ચૂંટણી પૂર્વે જ મોટા રાજકીય ઉલટફેરના એંધાણ વર્તાઈ રહ્યા છે. ભાજપના શાસન હેઠળના વોર્ડ નંબર 1માં લાંબા સમયથી પ્રવર્તી રહેલી આંતરિક નારાજગીને પગલે સંગઠનના 6 જેટલા પાયાના હોદ્દેદારોએ સામૂહિક રાજીનામા આપીને સમાજવાદી પાર્ટીમાં જોડાવાની જાહેરાત કરતાં સ્થાનિક ભાજપ સંગઠનમાં ખળભળાટ મચી ગયો છે.

કઠલાલ શહેરમાં રાજીનામું આપનારાઓમાં શહેર ભાજપના ઉપપ્રમુખ વિજય કાળાભાઈ બારૈયા, શક્તિ કેન્દ્રના પૂર્વ મહામંત્રી કમલેશ ભલાભાઈ પરમાર, શક્તિ કેન્દ્ર ઈન્ચાર્જ ભગા ચંદુભાઈ પરમાર અને શહેર મંત્રી કિરણ ભીખાભાઈ પરમારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, બક્ષીપંચ મોરચાના પ્રમુખ દશરથ ચંદુભાઈ પરમાર અને કિશાન મોરચાના પ્રમુખ ભીમા ઉદેસિંહ પરમારે પણ કેસરીયો ખેસ ત્યાગી દીધો છે.

આ અંગે પૂર્વ મંત્રી ભગા પરમારે જણાવ્યું હતું કે, મતદારોની અપેક્ષાઓ સંતોષવામાં સંગઠન ઉણું ઉતર્યું હોવાથી જનહિતમાં આ નિર્ણય લેવો પડ્યો છે. સ્થાનિક પ્રશ્નોના નિરાકરણમાં પક્ષની નિષ્ફળતા આ પક્ષપલટાનું મુખ્ય કારણ હોવાનું મનાય છે. અત્યાર સુધી કઠલાલમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ સીધી લડાઈ જોવા મળતી હતી, પરંતુ આ ઘટનાક્રમ બાદ હવે સમાજવાદી પાર્ટી ત્રીજા મજબૂત પક્ષ તરીકે ઉભરી આવી છે. એકસાથે 6 સક્રિય પદાધિકારીઓના જવાથી ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં સંગઠન નબળું પડવાની ભીતિ સેવાઈ રહી છે, જેની સીધી અસર આગામી પાલિકાની ચૂંટણીના પરિણામો પર પડી શકે છે.

ભાજપમાં 'એક વ્યક્તિ એક હોદ્દો'ના સિદ્ધાંત

## આણંદ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખનું રાજીનામું

**મહાનગરપાલિકાની** ચૂંટણીમાં ઉમેદવાર તરીકે પસંદગી થતા હોદ્દો છોડ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદમાં ભારતીય જનતા પાર્ટીના શિસ્તબદ્ધ સંગઠન અને 'એક વ્યક્તિ એક હોદ્દો'ના નિયમને અનુસરીને એક મહત્વનો રાજકીય વળાંક આવ્યો છે. આણંદ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ મયુરીબેન પટેલની કરમસદ-આણંદ મનપાની આગામી ચૂંટણીમાં ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવી છે. આ નવી જવાબદારી મળતા જ મયુરીબેને નૈતિકતાના ધોરણે પોતાના જિલ્લા પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું છે.

આણંદ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મહિલા મોરચાના પ્રમુખ મયુરીબહેન પટેલે જિલ્લા અધ્યક્ષ સંજયભાઈ પટેલને રૂબરૂ મળીને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. આ અંગે જણાવ્યું હતું કે, પાર્ટીએ તેમના પર વિશ્વાસ મૂકીને જે જવાબદારી સોંપી છે, તેને પૂર્ણ કરવા માટે તેઓ હવે સંપૂર્ણ સમય ફાળવશે.

આ પ્રસંગે જિલ્લા અધ્યક્ષ સંજયભાઈ પટેલે પણ મયુરીબેનની સક્રિયતાની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, તેમણે મહિલા મોરચાને મજબૂત બનાવવામાં અને સરકારની યોજનાઓ છેવાડાની મહિલાઓ સુધી પહોંચાડવામાં સરાહનીય ભૂમિકા ભજવી છે. રાજકીય વિશ્લેષકો આ રાજીનામાને પાર્ટીમાં શિસ્ત જાળવવા અને નવા કાર્યકરોને તક આપવાના સ્પષ્ટ સંકેત તરીકે જોઈ રહ્યા છે.

કરમસદ ખાતે 'સરદાર સન્માન સંકલ્પ આંદોલન'ની કારોબારી સભા સંપન્ન

## કરમસદમાં સી-1 સત્તા પ્રકાર દુર ન થાય તો જલદ આંદોલન કરાશે

**ધારાસભ્ય** કિરીટભાઈ પટેલ સહિત પાટીદાર અગ્રણીઓની હાજર

(પ્રતિનિધિ) આણંદ તા.13

કરમસદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલના સન્માન અને સ્વાભિમાનને વધુ મજબૂત બનાવવાના હેતુ સાથે 'સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિ' દ્વારા કરમસદ (ગુજરાત) ખાતે એક મહત્વપૂર્ણ કારોબારી સભાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના વિવિધ પાટીદાર આગેવાનોની ઉપસ્થિતિમાં સરદાર સાહેબના સન્માનમાં 5 ઐતિહાસિક ઠરાવો પણ જાહેર કરવામાં આવ્યા હતા.

આ સભામાં 5 ઠરાવમાં પ્રથમ અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ઉપર પુનઃ સન્માનભેર સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડીયમ નામાંકરણ કરવા નક્કી કરાયું છે. બીજા ઠરાવમાં સરદાર પટેલના વતન કરમસદને સ્વતંત્ર ગામ વિશેષ દરજ્જા સાથે મનપામાંથી સ્વતંત્ર કરવાનો હતો.

આ ઉપરાંત ત્રીજા ઠરાવમાં કેવડિયા ખાતે સરદાર સાહેબનું સ્ટેચ્યુ મુકવામાં આવ્યું છે. જેમાં સરદાર પટેલના સ્ટેચ્યુના છાતીના ભાગે પ્રવાસીઓ માટે શૌચાલય બનાવવામાં આવ્યા છે. જે અપમાન સમાન છે. આથી, સ્ટેચ્યુમાંથી તુરત જ શૌચાલય દુર કરવા અથવા જલદ આંદોલન કરવાનો ઠરાવ કરાયો છે. ચોથા ઠરાવમાં કરમસદ ગામમાં નવાઘરા વિસ્તારમાં સરદાર પટેલનું ઐતિહાસિક ધરોધર સમાન નિવાસ સ્થાન છે. આ વિસ્તારમાં 200થી વધુ વર્ષ જુના આશરે 900 જેટલા નિવાસ સ્થાનો આવેલા છે. જેમાં સરદાર પટેલનું પણ નિવાસ સ્થાન સામેલ છે. જેને હાલ ગુજરાત સરકારે સી-1 સત્તા પ્રકાર એટલે કે તમામ મિલકતો ગેરકાયદેસર બાંધકામની શ્રેણીમાં મુકી દીધાં છે. આથી, સી-1માંથી દુર કરવા ઠરાવ કરાયો હતો.

પાંચમા ઠરાવમાં સરદાર સાહેબના નામ સાથે જોડાયેલા સ્મારકોને મળતી આર્થિક સહાય (ગ્રાન્ટ) પુનઃ શરૂ કરવા માગણી ઉચ્ચારવામાં આવી છે. જેમાં કરમસદ ખાતેનું નિવાસ સ્થાન અને નડિયાદ જન્મ સ્થાનનો સમાવેશ થાય છે. આ સ્મારકોમાં 2002થી ગ્રાન્ટ બંધ કરવામાં આવી છે. જેથી આ સભા તમામ સ્મારકોની ગ્રાન્ટ પુનઃ શરૂ કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.

આ કારોબારી સભામાં પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, મનહરભાઈ પટેલ, ડો. જીતુભાઈ પટેલ તેમજ ગુજરાતના અન્ય અગ્રણી પાટીદાર નેતાઓ ગૌરવપૂર્ણ રીતે ઉપસ્થિત રહ્યા હતા અને આ આંદોલનને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. આ મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ આપણા ગૌરવ, એકતા અને સ્વાભિમાનની લાગણીઓ સાથે જોડાયેલો એક પવિત્ર સંકલ્પ છે. આ સભામાં લેવાયેલા નિર્ણયો આવનારા સમયમાં આંદોલનને નવી દિશા આપશે.

## વાસદ પાસે 66.63 લાખનો વિદેશી દારૂનો ઝડપાયો

**અંધારાનો** લાભ લઈ કન્ટેનર ચાલક અને સાથીદાર ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.13

ગુજરાતમાં આગામી પંચાયત અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન આણંદના વાસદ ટોલનાકા પાસેથી પોલીસે એક કન્ટેનર ટ્રકમાંથી રૂ. 66.63 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે.

વાસદ પોલીસ મથકના કર્મચારીઓ 13મી એપ્રિલ 2026ના રોજ વહેલી સવારે વડોદરા-અમદાવાદ નેશનલ હાઈવે પર ચેકિંગમાં હતા. આ દરમિયાન હરિયાણા પાસિંગની એક ટાટા કન્ટેનર ટ્રક (નંબર HR-55-AK-2992) શંકાસ્પદ હાલતમાં આવતા પોલીસે તેને અટકાવવાનો ઈશારો કર્યો હતો. જોકે, પોલીસને જોઈને ટ્રકનો ચાલક અને તેની સાથેનો અન્ય એક શખ્સ વાહન રસ્તાની સાઈડમાં ઉભું રાખી, અંધારાનો લાભ લઈ બાજુમાં આવેલી કોતરોમાં ભાગી છૂટ્યા હતા.

આથી, પોલીસે કન્ટેનરની તલાશી લેતા તેમાંથી પ્લાસ્ટિકના મીણિયાના કોથળા નીચે છુપાવેલી વિદેશી દારૂની કુલ 390 પેટી મળી આવી હતી. આથી, સ્થળ પર જ કાર્યવાહી કરતાં 66.63 લાખનો દારૂ, 10 લાખનું કન્ટેનર સહિત કુલ રૂ.76.63 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વાસદ પોલીસે આ મામલે ગુનો નોંધી ફરાર શખસોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો હરિયાણાથી લાવી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વેચવા માટે લઈ જવામાં આવતો હોવાનું ખુલ્યું છે.

ચૂંટણી જંગ | બેટાવાડામાં સૌથી વધુ 6 ઉમેદવારો મેદાનમાં ઉતર્યા

## કપડવંજ : જિ. પંચાયતની 6 બેઠક પર ત્રિપાંખીયો ખરાખરીનો ખેલ

**આંતરિક** અસંતોષ અને મત વિભાજનની ભીતિ

(પ્રતિનિધિ) કપડવંજ તા.13

ખેડા જિલ્લા પંચાયતની આગામી ચૂંટણીને પગલે કપડવંજ તાલુકાની 6 બેઠકો પર ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ હવે રાજકીય માહોલ ગરમાયો છે. દરેક બેઠક પર સરેરાશ 3 થી 6 ઉમેદવારો વચ્ચે મુકાબલો થવાની શક્યતા છે, જેને કારણે આ વખતની ચૂંટણી અત્યંત રસપ્રદ અને સંઘર્ષપૂર્ણ બની રહેશે તેવા એંધાણ મળી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કપડવંજ તાલુકાની વિવિધ બેઠકો પર ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક દાવેદારી નોંધાવી છે. જેમાં બેટાવાડામાં સૌથી વધુ 6 ઉમેદવારો, અલવા, અંતિસર અને આંત્રોલીની પ્રત્યેક બેઠક પર 5 -5 ઉમેદવારો, આંબલીયારામાં 4 ઉમેદવાર અને લેટરમાં સૌથી ઓછા 3 ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો છે.

આ ચૂંટણીમાં મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને અંતિસર અને બેટાવાડા બેઠક પર 'આપ'ની હાજરીને કારણે સમીકરણો બદલાયા છે. રાજકીય વિશ્લેષકોના મતે, કેટલીક બેઠકો પર એક જ પક્ષના એકથી વધુ દાવેદારો હોવાને કારણે આંતરિક અસંતોષ ઉભો થઈ શકે છે, જે અંતે મતોના ધ્રુવીકરણ અથવા વિભાજનમાં પરિણમી શકે છે. આ ઉપરાંત, મજબૂત અપક્ષ ઉમેદવારો પણ મુખ્ય પક્ષોની જીતની ગણતરીઓ બગાડી શકે તેમ છે.

આ વખતની ચૂંટણીમાં માત્ર પુરુષો જ નહીં, પરંતુ મહિલા ઉમેદવારોની પણ નોંધપાત્ર ભાગીદારી જોવા મળી રહી છે, જે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્ત્રી સશક્તિકરણનો સકારાત્મક સંકેત છે. હાલમાં ઉમેદવારી ફોર્મની ચકાસણી ચાલી રહી છે, જે બાદ પ્રચાર અભિયાનમાં વધુ ગતિ આવશે. ગ્રામીણ વિસ્તારોમાં રસ્તા, પીવાનું શુદ્ધ પાણી, આરોગ્ય સુવિધાઓ અને સર્વાંગી વિકાસના મુદ્દાઓ જનતાના મુખ્ય ચર્ચાના વિષયો બનશે.

### આણંદમાં ગોડાઉન આગમાં ખાખ



આણંદ શહેરની સામરખાના સ્પેર પાર્ટ્સના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા અફરાતફરી મચી, ધુમાડાના ગોટેગોટાએ ભયનો માહોલ સર્જ્યો હતો. કરમસદ-આણંદ ફાયર વિભાગની ટીમે જીવના જોખમે તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવતા નિર્દોષ લોકોની જાનહાનિ અટકી હતી. આવી આકસ્મિક ઘટનાઓ સુરક્ષાના નિયમો પ્રત્યેની ગંભીર બેદરકારીની ચાડી ખાય છે, જે ભવિષ્યમાં કોઈના જીવનું જોખમ નોતરી શકે છે તે ભૂલવું ન જોઈએ.

ઉમરેઠના વકીલનો 14 વર્ષના 'વનવાસ' બાદ વિજય

## ઉમરેઠનો બિલ્ડર પરિવાર 'બિન ખેડૂત' જાહેર, 34.20 લાખનો દંડ

**મામલતદાર** કૃષિ પંચે નિયમભંગ બદલ મસમોટો દંડ ફટકારાયો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.13

ઉમરેઠ પંથકમાં છેલ્લા 14 વર્ષથી ચાલી રહેલા બોગસ ખેડૂત પ્રકરણમાં અંતે ન્યાયનો વિજય થયો છે. ઉમરેઠના જાણીતા બિલ્ડર કમ શ્રોફ કિરીટ ગાભાવાલા અને તેમના પરિવારને મામલતદાર કૃષિ પંચ દ્વારા 'બિન-ખેડૂત' જાહેર કરવામાં આવ્યા છે. આ સાથે જ મહેસુલ નિયમોના ઉલ્લંઘન બદલ તેઓને રૂ. 34,20,330નો દંડ ફટકારી એક માસમાં જમા કરાવવા હુકમ કરવામાં આવતા પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

આ કેસની વિગત મુજબ, વર્ષ 2015માં પણ સ્થાનિક બિલ્ડર કિરીટ ગાભાવાલા સહિતનાને બોગસ ખેડૂત જાહેર કરાયા હતા અને પ્રાંત અધિકારી આણંદ દ્વારા તેમની જમીન નોંધો રદ કરવા હુકમ થયો હતો. જોકે, કલેક્ટરના હુકમનું ખોટું અર્થઘટન કરી તેઓએ પોતાને ખેડૂત તરીકે પ્રસ્થાપિત રાખ્યા હતા. આ સામે ઉમરેઠના એડવોકેટ જયેન્દ્ર પટેલે મૂળ ખેડૂતોના હક માટે બીડું ઝડપ્યું હતું અને 14 વર્ષ સુધી કાનૂની જંગ લડ્યા હતા, જેને સોર્સમાં 'રામ વનવાસ' બાદ મળેલી જીત સાથે સરખાવવામાં આવી છે.

રતનપુરાના અંબાલાલ રાવલ દ્વારા નિકુલ ગાભાવાલા, શૈલેષ ગાભાવાલા, હંસાબેન અને કિરીટ ગાભાવાલા વિરુદ્ધ સર્વે નંબર 1828/1ની જમીન મુદ્દે ગણોતધારાની કલમ 63ના ભંગ બદલ દાદ માંગવામાં આવી હતી. મામલતદાર કૃષિ પંચે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મહેસુલ વિભાગના ઠરાવ મુજબ રૂ. 34.20 લાખથી વધુનો દંડ ફટકાર્યો છે. અગાઉ હમીદપુરાની જમીન મુદ્દે પણ નાયબ કલેક્ટર દ્વારા આ જમીન મૂળ ખેડૂત સુરાભાઈ સોલંકીની હોવાનો હુકમ કરાયો હતો. આ ઓર્ડરના પગલે અનેક જમીન પર વિવાદ ઉભો થશે. જે અંગે તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરાશે.

## ચારુસેટના વૈજ્ઞાનિક ઉત્તર ધ્રુવમાં દુર્લભ પ્રજાતિ પર સંશોધન કરશે

**આર્કટિક** અભિયાન માટે દેશના 7 વિજ્ઞાનીમાં ચારુસેટના ડો. ગાયત્રી દવેની પસંદગી



(પ્રતિનિધિ) આણંદ તા.13

ચાંગા સ્થિત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી સંલગ્ન ફેકલ્ટી ઓફ સાયન્સીસના ડીન ડો. ગાયત્રી દવેએ વૈજ્ઞાનિક ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તેમની પસંદગી પ્રતિષ્ઠિત 'ભારતીય આર્કટિક અભિયાન 2026-2027' માટે કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે સમગ્ર ભારતમાંથી માત્ર 7 વૈજ્ઞાનિકોની પસંદગી થઈ છે, જેમાં સ્થાન મેળવી તેમણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

ચારુસેટના ડો. ગાયત્રી દવેનો આ રિસર્ચ પ્રોજેક્ટ 'એસ્ટાબ્લીશમેન્ટ એન્ડ લોન્ગ-ટર્મ મોનીટરીંગ ઓફ આર્કટિક માઈક્રોબાયલ ઈકોસિસ્ટમ' પર આધારિત છે. તેઓ આર્કટિકની અતિ કપરી પરિસ્થિતિઓમાં માઈક્રોબાયલ (સૂક્ષ્મજીવોની) ગતિશીલતા સમજવા માટે 'વિનોગ્રેડસ્કી સિમ્યુલેશન' પદ્ધતિનો ઉપયોગ કરશે. આ અભ્યાસ ખાસ કરીને ક્રાયોકોનાઈટ, બ્રાઈન્સ અને શેલો સેડીમેન્ટસમાંથી મળતી માઈક્રોબાયલ કોમ્યુનીટી પર કેન્દ્રિત રહેશે.

ચારુસેટના ડો. ગાયત્રી દવે મે 2026માં ઉત્તર ધ્રુવથી માત્ર 1200 કિલોમીટર દૂર નોર્વેના સ્વાલબાર્ડમાં આવેલા ભારતના પ્રથમ કાયમી આર્કટિક રિસર્ચ સેન્ટર 'હિમાદ્રી' ખાતે જશે. તેઓ ત્યાં 30 દિવસ રોકાઈને દુર્લભ પ્રજાતિઓનું જૈવિક સંશોધન કરશે. આ સંશોધન હવામાન પરિવર્તન (Climate Change) ની ઈકોસિસ્ટમ પર થતી અસરો જાણવા માટે અત્યંત મહત્વનું સાબિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડો. ગાયત્રી દવેને હિમાદ્રીમાં ફિલ્ડવર્ક માટે એક સમર બર્થ આપવામાં આવ્યો છે. જેમાં ભારત સરકારના નિયમો મુજબ આર્થિક સહાય ઉપલબ્ધ કરવામાં આવશે. ડો. ગાયત્રી દવેની આ પસંદગી તેઓને ભારત દેશના પસંદગીના વૈજ્ઞાનિકોના ગ્રુપમાં સ્થાન અપાવે છે, જેઓ પોલાર રિસર્ચ ફિલ્ડમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

### પસંદગીની પ્રક્રિયા અને મહત્વ

નેશનલ સેન્ટર ફોર પોલાર એન્ડ ઓશન રિસર્ચ (NCPOR) દ્વારા દેશભરમાંથી મંગાવવામાં આવેલી રિસર્ચ પ્રપોઝલના કડક સ્ક્રીનીંગ અને ગોવા ખાતેના પ્રેઝન્ટેશન બાદ મેરિટના આધારે ડો. ગાયત્રી દવેની પસંદગી કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા તેમને આ ફિલ્ડવર્ક માટે સંપૂર્ણ આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. આ રિસર્ચ પોલાર સ્ટડીમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વૈજ્ઞાનિક હાજરીને વધુ મજબૂત બનાવશે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225